# નવસારીમાં રસ્તા પર તાણી બંધાયેલી દુકાનો દૂર કરાઈ

**નોટિસ** મોકલી અને મૌખિક સૂચના આપ્યા બાદ પણ વેપારીઓએ દુકાન ખાલી ન કરી

**આખરે** નગરપાલિકાએ બપોર સુધીમાં દુકાન ખાલી કરાવી તોડી પાડી દબાણ દૂર કર્યું





નવસારી : નવસારીમાં છાપરા રોડ પર ટીપીના મુખ્ય રસ્તા પર દુકાન બનાવી દબાણ કર્યું હતું. જે દુકાનો ખાલી કરવા માટે નગરપાલિકાએ વેપારીઓને નોટિસ મોકલી અને મૌખિક સૂચના પણ આપી હતી. પરંતુ વેપારીઓએ દુકાન ખાલી ન કરતા આખરે નગરપાલિકાએ વેપારીઓને દુકાન ખાલી કરવા માટે બપોર સુધીનો સમય આપી દુકાનો તોડી પાડી દબાણ દૂર કર્યું હતું.

નવસારી શહેરના વિવિધ વિસ્તારોમાં કેટલાક લોકોએ ટીપીના રસ્તા પર ઘર અને દુકાનો બનાવી દબાણ કર્યું છે. જોકે પહેલા નવસારી-વિજલપોર નગરપાલિકા દ્વારા દબાણ હટાવવા માટે લોકોને નોટિસો આપતા હતા. પરંતુ દબાણ હટાવતા ન હતા. ત્યારે હવે નવસારી-વિજલપોર નગરપાલિકા ભવિષ્યના ટૂંકા ગાળામાં મહાનગરપાલિકા બનવા જઈ રહી છે. ત્યારે શહેરમાં ટ્રાફિકનું ભારણ દૂર કરવા તેમજ રસ્તાઓ પહોળા કરવા માટે ટીપીના રસ્તાઓ ઉપર કરેલું દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરી છે.

નવસારી છાપરા રોડ પર આવેલી પટેલનગર સોસાયટીની બહાર ટીપીના મુખ્ય રસ્તા પર કેટલાક લોકોએ દુકાનો બનાવી ધંધો કરી રહ્યા હતા. જોકે પહેલા નગરપાલિકાએ આ દબાણ ઉપર ધ્યાન આપ્યું ન હતું. જોકે કેટલાક સમયથી નવસારી-વિજલપોર નગરપાલિકા દ્વારા છાપરા રોડ પર ટીપીના રસ્તા પર દુકાનો તાણી બાંધી કરેલું દબાણ દૂર કરવા માટે નોટીસો મોકલી હતી. તેમજ મૌખિક સૂચનાઓ પણ આપવામાં આવી હતી. પરંતુ વેપારીઓએ દુકાનો ખાલી કરી ન હતી. જેના પગલે દબાણ પણ દૂર થતું ન હતું. આજે નવસારી-વિજલપોર નગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ છાપરા રોડ પર પટેલનગર સોસાયટીની બહાર આવેલી દુકાનો ખાલી કરવા માટે બપોરે 2 વાગ્યા સુધીનો સમય આપ્યો હતો. જેથી તમામ વેપારીઓ દુકાન ખાલી કરવા મંડી પડયા હતા. જોકે તમામ વેપારીઓએ નગરપાલિકા પાસેથી દુકાન ખાલી કરવા માટે થોડો વધુ સમય માંગ્યો હતો.

પરંતુ નગરપાલિકાએ તેમને વધારાનો સમય આપ્યો ન હતો. આખરે બપોર સુધીમાં વેપારીઓએ દુકાનો ખાલી કરી દીધા બાદ નગરપાલિકાએ જીસીબી દ્વારા દુકાનો તોડી પાડી દબાણ દૂર કરી દીધું હતું. દબાણ દૂર થયા બાદ નગરપાલિકા ટેક્નિકલ હાઈસ્કૂલથી છાપરા ચાર રસ્તા સુધી 18 મીટર પહોળો રસ્તો બનાવવાની કામગીરી હાથ ધરશે.

## સેલવાસના પીપરિયા બ્રિજ પર અકસ્માતમાં સાઈકલ સવારનું મોત

સેલવાસ : સેલવાસના પીપરિયા બ્રિજ ઉપર એક સાઈકલ સવારને કોઈ અજાણ્યા ટ્રક ચાલકે અડફેટે લીધો હતો. જેમાં સાઈકલ સવાર વ્યક્તિનું ઘટના સ્થળ ઉપર જ ગંભીર ઈજાને લઈ મૃત્યુ થયું હતું.

મળતી માહિતી મુજબ સાઈકલ સવાર વ્યક્તિ બ્રિજ પરથી પોતાના સંબંધીને ટીફીન આપવા માટે સેલવાસ તરફ જતો હતો. ત્યારે કોઈ અજાણ્યા ટ્રક ચાલકે અડફેટે લીધો હતો. જેમાં સાઈકલ સવારનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. અજાણ્યો ટ્રક ચાલક ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી અને વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા મૃતકની ઓળખ કરવામાં આવી છે. મરનાર વ્યક્તિ મૂળ બિહારનો 40 વર્ષીય ઉપેન્દ્ર રઝક તરીકે ઓળખ થઈ હતી. આ ઘટનામાં પોલીસ આગળની કાર્યવાહી કરી રહી છે. આ બ્રિજ પર અગાઉ પણ આવા અકસ્માતોની ઘટનાઓ ઘટી ચૂકી છે, જેને કારણે આ માર્ગ માટે યોગ્ય સુરક્ષાના પગલાં ભરવાની લોકોમાં માંગ ઉઠી રહી છે.

# ખભે દફતર ભેરવેલાં બુકાનીધારી ચાર તસ્કરો દેરાસરમાંથી પાંચ કિલોની ચાંદીની મૂર્તિ ચોરી ગયા

**બીલીમોરાના** દેરાસરમાંથી સિદ્ધચક્ર યંત્ર અને પંચ ધાતુની મૂર્તિ તેમજ રોકડા મળી 5.06 લાખની માલમત્તાની ચોરી

**ગલ્લામાંથી** રોકડ નોટો કાઢી લઈ પરચુરણ ત્યાં જ છોડી ભાગી નીકળ્યા

બીલીમોરા : બીલીમોરા ગૌહરબાગ જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘનાં નેમ નગર સ્થિત ભગવાન શ્રી નેમીનાથ જૈન દેરાસરમાં બુધવારે વહેલી સવારે તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં અંદાજીત સાડા પાંચ કિલો વજનની ચાંદીની ચોવીસી મૂર્તિ, સિદ્ધચક્ર યંત્ર અને પંચ ધાતુની મૂર્તિ તેમજ રોકડા રૂપિયા 50 હજારની ચોરી કરી ફરાર થતા ચકચાર મચી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો, ડોગ સ્ક્વોડ, એફએસએલની ટીમો ઘટના સ્થળે ધસી આવી હતી. અને સીસીટીવી ફૂટેજ આધારે બુકાનીધારી તસ્કરોની તપાસ હાથ ધરી હતી.

બીલીમોરા સોમનાથ રોડ, નેમનગર સ્થિત નેમીનાથ જૈન દેરાસરની કમ્પાઉન્ડ વોલ કૂદી બુધવારે વહેલી સવારે ચાર જેટલા બુકાનીધારી તસ્કરો આવ્યા હતા. જેમણે દેરાસરનાં મુખ્ય દરવાજાનો નકુચો તોડી રંગ મંડપમાં પ્રવેશ કર્યો હતો અને અંદર બે ભંડારાનાં તાળા તોડી અંદાજીત રૂપિયા 50 હજાર રોકડા, ગભારાનો દરવાજાનો નકુચો તોડી અંદરથી ભગવાન શાંતિનાથની ચાંદીની મૂર્તિ, ચાંદીની ચોવીસી, સિદ્ધચક્ર યંત્ર, નવપદજીનો ઘટો મળી અંદાજીત સાડા પાંચ કિલો ચાંદીની મૂર્તિ, દાગીના તેમજ પંચધાતુની વજનદાર મૂર્તિ ચોરી ફરાર થયા હતા. દરમ્યાન બુધવારે વહેલી સવારે પૂજારી દેરાસરમાં આવતા સમગ્ર બનાવની જાણ થઈ હતી. વાત વાયુવેગે પ્રસરતા જૈન સમાજજનો દોડી આવ્યા હતા. બીલીમોરા પોલીસને જાણ કરાતા સ્થાનિક પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, ચીખલી ડીવાયએસપી ગોહિલ, જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલ ઘટના સ્થળે ધસી આવ્યા હતા. અને સીસીટીવી ફૂટેજો, એફ.એસ.એલ, ડોગ સ્ક્વોડની મદદથી તપાસ હાથ ધરી હતી. સમગ્ર બનાવનાં પ્રારંભિક તબક્કે બીલીમોરા પોલીસે 5.06 લાખની માલમત્તા ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. સીસીટીવી કેમેરામાં બુકાનીધારી ચાર તસ્કરો ખભામાં દફતર ભેરવેલાં દેખાયા હતા. દેરાસરની નજીકમાં બીએસએનએલ પાસે ગલ્લો લઈ જઈ તેમાંથી રોકડ નોટો કાઢી લઈ પરચુરણ ત્યાંજ છોડી ભાગી નીકળ્યા હતા. દેરાસરમાં ચોરીને કારણે જૈન સમાજમાં ઘેર પ્રત્યાઘાત પડ્યા હતા. રાજ્યનાં ગૃહમંત્રી હર્ષ સંઘવીને સ્થાનિક કક્ષાએથી જાણ કરી કડક કાર્યવાહીની માંગ કરાઇ હોવાની શહેરભરમાં ચર્ચા વહેતી થઈ હતી.

# ગણદેવીના બે ગામમાંથી બે દિવસમાં 19 બકરાની ચોરી કરનારા ત્રણ ઝડપાયા



**ગણદેવી** પોલીસે ગણતરીના દિવસોમાં ખંભાત અને નડિયાદના ત્રણ આરોપીઓને પકડી પાડ્યા

નવસારી, બીલીમોરા : ગણદેવીના ખાપરીયા અને પિંજરા ગામમાંથી બે દિવસમાં 19 બકરાઓની ચોરી કરી ગયેલા ત્રણ આરોપીઓને પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડી રૂપિયા 5 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ ગણદેવી તાલુકાના ખાપરીયા ગામના ઈશ્વર નગર ખાતે ગઈ તા.16/11/2024 ને રાત્રે પશુપાલકના રૂપિયા 61 હજારના આઠ બકરાની ચોરી થઈ હતી. તેવી જ રીતે બીજા દિવસે 17/11/2024 એ પણ ગણદેવી તાલુકાના પિંજરા ગામના નિશાળ ફળિયામાંથી પણ રૂપિયા 88 હજારના અગિયાર બકરા મળી બે દિવસમાં રૂપિયા 1.49 લાખના 19 બકરા ચોરાતા પશુપાલકોમાં ચિંતા પ્રસરી જવા પામી હતી. જેની નોંધાયેલી ફરિયાદના આધારે ગણદેવી પોલીસે તપાસ તેજ કરી હતી. જેમાં આ ગુનામાં સંડોવેલા ખંભાત અને નડિયાદના ત્રણ આરોપીઓને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે સંદીપ છગનભાઈ સલાટ (સોમપુરા) (ઉ.26, રહે રાલજ ગામ, પાણીની ટાંકી પાસે, ખંભાત, જિલ્લો આણંદ) કિરીટગીગી જયંતીલાલ સોમાભાઈ તળપદા (વાઘેલા) (ઉ.30, રહે ચકલાસી ભાગોળ, ફતેપુરા રોડ,રામજી મંદિર પાસે હરીનગર,નડિયાદ) અને અશફાક ઐયુબભાઈ ખાટકી (ઉં.22 રહે પાંચ હાટડી, કેટલીંગ બિલ્ડીંગની સામે, નડિયાદ)ને ઝડપી પાડ્યા છે. આરોપીઓએ આ ગુનામાં વાપરેલી આર્ટિકા કાર નંબર (જીજે 07 ડીએ 0705) સાથે બે મોબાઇલ મળી રૂપિયા 5,05,500 નો મુદ્દામાલ પણ પોલીસે જપ્ત કર્યો છે

## આરોપી સંદીપ અને કિરીટનો ઈતિહાસ ગુનાહિત

નવસારી : ગણદેવી પોલીસે બકરા-બકરી ચોરીના ગુનામાં ઝડપી પાડેલા આરોપી સંદીપ અને કિરીટનો ઈતિહાસ ગુનાહિત હોવાનું જાણવા મળ્યું છે. જેમાં તેઓ વિરુદ્ધ ઇડર પોલીસ મથકે અને હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે 2 ગુનાઓ નોંધાયા હતા. આરોપી સંદીપ અને કિરીટ અન્ય સાથીઓ સાથે ભેગા મળીને અર્ટીગા કાર લઈને રાત્રીના સમયે હિંમતનગર નજીક લાલપુર ગામે ગયા હતા. જ્યાં તેઓએ એક ઉંમર લાયક કાકા પાસેથી પાણી માંગ્યું હતું. ત્યારબાદ તેઓ બકરા ચોરી કરવા જતા તે કાકા વચ્ચે પડી ઝપાઝપી કરતા હતા. ત્યારે સંદીપ અને કિરીટે તે કાકાને ચપ્પાથી ઘા મારી નાના-મોટા 8 બકરાની લુંટ કરી તે બકરા અર્ટીગા કારમાં ભરી નાસી ગયા હતા.

### આરોપીઓની એમ.ઓ.

આરોપી સંદીપ અને કિરીટ રાત્રી દરમિયાન કારમાં તીક્ષ્ણ ધારવાળા હથિયાર સાથે રાખી અલગ-અલગ વિસ્તારમાં નીકળી જ્યાં વાડામાં બકરા-બકરીઓ જણાય ત્યાંથી બકરા કારમાં ભરી ચોરી કરે છે. અને જો કોઈ રોકે તો ચપ્પાના ઘા કરી લૂંટ કરવાની ટેવવાળા છે.

# સુબીરનાં ઘાણા પ્રાથમિક શાળાની નવી હરાજી રદ નહીં થાય તો આત્મવિલોપનની ચીમકી

**કોન્ટ્રાક્ટરે** મંજૂરી લીધા બાદ શાળાના શિક્ષકે માનીતાઓને ફાયદો કરાવવા નવી હરાજી કરવાની નોટિસ આપી

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં ઘાણા ગામની મુખ્ય પ્રાથમિક શાળાનાં પાંચ ઓરડાઓની જાહેર હરાજી ગત જુલાઈ મહિનામાં કરવામાં આવી હતી. આહવાનાં એક કોન્ટ્રાક્ટર દ્વારા ઉંચી બોલી લગાવીને પાંચ ઓરડા તોડવા માટેની મંજૂરી સર્વાનુમતે લીધી હતી. તેમજ પહોંચની રકમ પણ ચૂકવી દેવામાં આવી હતી, તેમ છતાં આ હરાજીને રદ કરવામાં આવેલી હોવાનું જણાવવામાં આવ્યુ હતુ. અને નવી હરાજી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવતા આ કોન્ટ્રાક્ટરમાં રોષ ફાટી નીકળ્યો છે. જેને લઈને કોન્ટ્રાક્ટરે કલેકટર, મામલતદાર અને શિક્ષણ અધિકારીને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. તેમજ આ નવી હરાજી રદ કરવામાં ન આવે અને જો હરાજી રદ નહીં થાય તો આત્મવિલોપનની પરવાનગી આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

સુબીર તાલુકાની ઘાણા પ્રાથમિક શાળાના પાંચ ઓરડાની કરાયેલી હરાજીમાં ડાંગના ઘણા કોન્ટ્રાક્ટર તથા વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ હરાજી સરકારના નીતિ નિયમ મુજબ એસએમસી સમિતિના ઠરાવ મુજબ અને નાયબ કાર્યપાલક એન્જિનિયર ડાંગ જિલ્લા પંચાયત માર્ગ મકાન પેટા વિભાગ દ્વારા પ્રમાણપત્ર આપી 15 હજાર રૂપિયાની અપસેટ નક્કી કરવામાં આવેલી હતી. હરાજીમાં શરતો મુજબ બોલીઓ બોલતા આહવાનાં પરશુરામ રામુભાઈ આલકુટે નામક કોન્ટ્રાક્ટરે રૂપિયા 17,600 ની સૌથી ઊંચી બોલી લગાવી હતી. અને 10% લેખે કુલ રૂપિયા 1760 ભરતા આચાર્યના સહી વાળી નકલ તેમને આપેલી હતી. જેથી આ કોન્ટ્રાક્ટરે પાંચ ઓરડાઓ તોડવા માટેની મંજૂરી સર્વાનુમતે લીધી હતી. આ હરાજીની પક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ ઘાણા મુખ્ય શાળાના શિક્ષક એસ.એસ. સુનુન્યા દ્વારા તા.27/07/2024 ના રોજ હરાજી રદ કરવા નોટિસ પેપરમાં પ્રસિધ્ધી કરાવેલી હતી. જેથી કોન્ટ્રાક્ટર પરશુરામભાઈ આલકુટેએ નોટિસનો ખુલાસો કરવા માટે મુખ્ય શિક્ષકની મુલાકાત લઈ હરાજી રદ કરવા માટેનું કારણ જાણવાનો પ્રયત્ન કરેલો હતો. પરંતુ તેઓએ જવાબ આપેલો ન હતો અને આ હરાજી ખુબજ ઓછા ભાવમાં નક્કી થયેલી હોય જેથી રદ કરાવેલી હોવાનું જણાવ્યું હતુ. કોઈપણ પ્રકારના કાયદાકીય નિતી નિયમ હરાજીની શરતોનું ઉલ્લંઘન કરી, હરાજી રદ કરવાની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલી છે. અને આચાર્યના માનીતાઓને હરાજીથી ફાયદો કરાવી આપવા માટે નવી હરાજી કરવાની જાહેર નોટિસ આપવાનું કાવતરું કરાયુ છે. તેવા આક્ષેપો કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે આ સમગ્ર મામલામાં નવી હરાજી રદ કરવા અને જો હરાજી રદ નહીં થાય તો આત્મવિલોપનની ચીમકી સાથે પરશુરામભાઈ આલકુટે કલેક્ટર, આહવા મામલતદાર અને શિક્ષણ અધિકારીને લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યુ હતુ.

# બીલીમોરા રેલવે ઓવરબ્રિજ ઉપર પૂરપાટ કારે મોપેડને ઉડાવી, યુવકનું મોત

**મોપેડ** સવાર અન્ય યુવકની હાલત ગંભીર, કાર ચાલક પોલીસ સમક્ષ હાજર થયો

બીલીમોરા: મંગળવાર રાત્રે બીલીમોરા રેલવે ઓવરબ્રિજ ઉપર ક્રોસિંગ પાસે પૂરપાટ ઝડપે દોડતી કાર અને મોપેડ વચ્ચે થયેલા અકસ્માતમાં મોપેડ ચાલક યુવકનું મોત નીપજ્યું છે મોરલી ગામે રાણા ફળીયામાં રહેતો ધ્રુવીક પટેલ અને તેનો મિત્ર જય પટેલ મંગળવારે રાત્રે બીલીમોરા જમવાનું લેવા એક્ટિવા ઉપર ગયા હતા. અને રાત્રે 10:45 કલાકે મોપેડ ઉપર ઓવરબ્રિજ ઉપર અમલસાડ તરફ જઈ રહ્યા હતા. તે વેળા સામેથી આવતી આર્ટિગા કાર નં. જીજે 21 એએચ 8429 નાં ચાલકે કારને ખાડા માર્કેટ તરફ વાળી દેતાં મોપેડ સાથે અથડાઈ હતી. મોપેડ ચાલક ધ્રુવીક પટેલ હવામાં ફંગોળાઈને માર્ગ ઉપર પટકાતા માથા અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા નવસારી લઈ જવાયો હતો. પરંતુ સારવાર મળે તે પહેલાં તેનું કરુણ મોત નિપજ્યું હતું. જ્યારે તેનો મિત્ર જય પટેલ સારવાર હેઠળ છે. બીજી તરફ અકસ્માત સર્જી કાર ચાલક પોલીસ સમક્ષ હાજર થયો હતો. સમગ્ર મામલે મૃતકનાં સંબંધીએ બીલીમોરા પોલીસમાં કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# વાપીમાં 5 લાખની લાંચ લેતા ઝડપાયેલા પીએફ આસિ.કમિશનરના જામીન નામંજૂર

**બિલ્ડરના** કર્મચારીઓના પીએફ કચેરીમાં ચાલતા કેસના ઝડપી નિકાલ માટે રકમ ઓછી કરવા લાંચ લીધી હતી

વલસાડ : વલસાડ જિલ્લાના એક બિલ્ડરની કંપની દ્વારા તેના કર્મચારીઓના પીએફ કચેરીમાં ચાલતા કેસના ઝડપી નિકાલ અને બિલ્ડરને દંડની રકમ ઓછી કરવા પીએફ વિભાગના આસિસ્ટન્ટ કમિશનર અને એન્ફોર્સમેન્ટ ઓફિસર રૂપિયા 5 લાખની માતબર રકમની લાંચ લેતા વલસાડ એસીબીના હાથે વાપી ઓફિસમાં જ પકડાઇ ગયા હતા. આ બંનેએ જામીન પર છૂટવા વાપીની સ્પેશ્યલ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેની સૂનાવણી હાથ ધરાતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ ટી.વી.આહુજાએ તેમની જામીન અરજી નામંજૂર કરી છે.

વલસાડ જિલ્લાના એક બિલ્ડરની કંપની વિરૂદ્ધ પીએફ કચેરીમાં કેસ ચાલતો હતો. બિલ્ડરની કંપનીએ તેના કર્મચારીઓના પીએફની કપાતમાં કોઇ ભૂલ કે ગોટાળા કર્યા હતા. જેના પગલે તેની વિરૂદ્ધ મોટો કેસ બન્યો હતો તેમજ તેમની કંપનીને મોટો દંડ થાય એવી પણ શક્યતાઓ લાગતી હતી. ત્યારે આ કેસ ઝડપી ચલાવવા અને દંડની રકમ ઓછી કરવા પીએફ ડિપાર્ટમેન્ટના આસિ. કમિશનર હર્ષદ લખુજી પરમાર અને એન્ફોર્સમેન્ટ ઓફિસર સુપ્રભાત રંજન અવનેન્દ્રનાથસિંહ તોમરે બિલ્ડર પાસેથી રૂપિયા 5 લાખની લાંચ માંગી હતી. જે અંગે બિલ્ડરે લાંચ નહી આપવાનો વિચાર કર્યો હતો. આ અંગે એસીબીમાં ફરિયાદ કરતા એસીબીએ આ મામલે ફરિયાદી બિલ્ડરને સાથે રાખી વાપી ગુંજન ખાતે સ્નેહદીપ કોમ્પલેક્ષ ખાતે આવેલી પીએફના આસિસ્ટન્ટ કમિશનરની કચેરીમાં જ છટકું ગોઠવ્યું હતુ. જેમાં તેઓ એન્ફોર્સમેન્ટ ઓફિસર સાથે રૂપિયા 5 લાખની લાંચ લેતા રંગે હાથ પકડાઇ ગયા હતા. આ કેસમાં જ્યુડિશ્યલ કસ્ટડી ભોગવી રહેલા હર્ષદકુમાર પરમાર અને સુપ્રભાત તોમરે વાપીની સ્પેશ્યલ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થઈ છે.


**ગુજરાત સરકાર**

**નર્મદા,જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**ઓફલાઇન ટેન્ડર નોટીસ નં.૨૩ સને-૨૦૨૪-૨૫**

ગુજરાત રાજયનાં રાજયપાલશ્રી વતી, કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના વિભાગ નં.-૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ, રાજપીપલા-૩૯૩૧૪૯ - ફોન નં.૦૨૬૧-૨૨૨૮૯૯, નીચે જણાવેલ કામ માટે ઓફલાઇન પધ્ધતિથી ગુજરાત રાજયના માર્ગ અને મકાન તથા જળ સંપતિ વિભાગ હેઠળ ઇ-૨ અને તેની ઉપરની શ્રેણીમાં નોંધાયેલ માન્ય રજીસ્ટાર્ડ કોન્ટ્રાકટરો પાસેથી SBD ફોર્મના નિયત નમુના સાથે ટેન્ડર ફી બાનાની રકમ, તાજુ સોલવંસી સર્ટીફિકેટ, રેજીસ્ટ્રેશન પાનકાર્ડ નંબર અને અન્ય દસ્તાવેજો માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ | કામની અંદાજીત રકમ રૂ. લાખમાં | ટેન્ડર ફી / બાનાની રકમ | કોન્ટ્રાકટર શ્રેણી |
|---|---|---|---|---|
| (૧) | કલીયરીંગ ધ કેનાલ લેન્ડ વીડ્થ એન્ડ ડિસીલ્ટીંગ વર્ક ઓફ ચિત્રાવાડી માઇનોર ફ્રોમ ચે.૦ ટુ ૨૮૫૦ મી. ઓફટેકીંગ ફ્રોમ ચે. ૫૪૦૦ મી ઓફ કરજણ રાઈટ બેન્ક મેઈન કેનાલ | ૪,૧૪,૯૮૪.૭૯/- | ૬૦૦/- ૪૧૫૦/- | ''ઇ-૨'' વર્ગ અને તેની ઉપરની શ્રેણી |
| (૨) | કોરા ટેન્ડર લઇ જવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૨૨ -૧૧-૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી | | |
| (૩) | ભરેલ ટેન્ડર અને ફિઝીકલ ડોક્યુમેન્ટ વિભાગીય કચેરીમાં સાદર કરવાની છેલ્લી તારીખ (ફક્ત આર.પી.એ.ડી.) | તા. ૦૬ -૧૨-૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી | | |
| (૪) | ટેન્ડર ખોલવાની તારીખ | તા. ૦૯ -૧૨-૨૦૨૪ ના ૧૨.૦૦ કલાક સુધી | | |
| (૫) | સંપર્ક સાધવાની કચેરીનું સરનામું | કાર્યપાલક ઇજનેરશ્રી સિંચાઇ યોજના વિભાગ નં.૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ, રાજપીપલા- ૩૯૩૧૪૯ ફોન નં.૦૨૬૪૦-૨૨૨૮૯૯/ ૨૨૦૧૩૪, ૮૩૨૦૭ ૧૫૯૮૮ | | |

આ કામોની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે, આ કામો અંગેની વધુ વિગતો માટે કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. જે તે સમયોના નિયમોનુસાર જી.એસ.ટી. લાગુ પડશે. કોઇ પણ એક કે બધા ટેંડર ખોલવા કે નહી તેની સંપુર્ણ સત્તા કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના વિભાગ નં.-૪, રાજપીપલા પાસે રહેશે.

માહિતી/નર્મદા/૩૩૬/૨૦૨૪-૨૫



**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**સ્ટેશન ઓફિસર (વાયરલેસ) ની જગ્યાના ઉમેદવારો માટે કોલલેટર ડાઉનલોડ કરવા બાબત**

વડોદરા મહાનગરપાલિકા જાહેરાત ક્રમાંક: ૨૦૧/૨૪-૨૫ અન્વયે સ્ટેશન ઓફિસર (વાયરલેસ) ના ઉમેદવારો માટે તા.૩૦-૧૧-૨૦૨૪ ના રોજ ઈન્ટરવ્યુ યોજાનાર છે. સદર ઈન્ટરવ્યુ માટેના કોલલેટર વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ www.vmc.gov.in પરથી તા.૨૧-૧૧-૨૪ (૧૪:૦૦) થી તા.૨૯-૧૧-૨૪ (૨૩:૫૯) કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૭૫૦/૨૪-૨૫ ડે. મ્યુનિ. કમિશનર(વ)



**જાહેર નિવિદા નં.ઈ ૧૨ સને ૨૦૨૪-૨૫ (ટેન્ડર આઈ.ડી. નં. ૧૨૮૯૯૧)**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, બ્લોક બી (રાઇટ વીંગ) પ્રથમ માળે, જુની કલેકટર કચેરી, કણબીવગા, કોર્ટની બાજુમાં ભરૂચ-૩૯૨૦૦૧. (ફોન નં.૦૨૬૪૨-૨૬૫૫૬૦,૨૬૫૫૮૧) કચેરી દ્વારા ઇ-ટેન્ડરીંગ પદ્ધતિથી સીંગલ બીડથી ભરૂચ જીલ્લાના ઝઘડીયા અને નેત્રંગ તાલુકાની રૂંઢ રાજપારડી જુથ પાણી પુરવઠા યોજના હેઠળ સિવિલ,યાંત્રિક અને ઇલેક્ટ્રીકલ સહિતના મરામત અને નિભાવણીની કામગીરી ૨૪ માસ માટે અંદાજીત કિંમત રૂ ૧,૯૬,૨૩,૫૮૫/- માટે યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા તથા પાણી પુરવઠા યોજનાના વિવિધ ઘટકોની મરામત અને નિભાવણીના અનુભવ ધરાવતા ઠેકેદારો પાસેથી ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ઉક્ત બાનાની રકમ / ટેન્ડર ફી તથા કામની અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબ સાઇટ www.nprocure.com, તથા www.statetenders.gujarat.gov.in ઉપર જોઇ શકાશે. ટેન્ડર ઓન લાઇન સબમીશનની સ્ટાર્ટ તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ થી તથા છેલ્લી તા.૦૯/૧૨/૨૦૨૪ ના રોજ ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. તથા રજીસ્ટર પોસ્ટ એ.ડી. દ્વારા તથા હાથો-હાથ ફીઝીકલ ડોક્યુમેન્ટ તા.૧૦/૧૨/૨૦૨૪ ના ૧૮.૦૦ કલાક સુધીમાં પહોંચાડવાના રહેશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે "ગુ.પા.પુ. અને ' ગ.વ્ય.બોર્ડ" નો હેલ્પ લાઇન નં.૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

માહિતી/ભરૂચ/૪૩૪/૨૦૨૪



**SURAT MUNICIPAL CORPORATION SOUTH EAST ZONE (LIMBAYAT)**

(visit Us at www.Suratmunicipal.gov.in)

e-Tender (Online Tender Notice) Invitation Notice
No Dy. Commissioner/S.E.Z/10/2024-25

Tenders are invited for Various Dept. Works online on https://smctender.nprocure.com from Government approved contractor with following schedule :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | Name of the Department | HOUSING | DRAINAGE | GARDEN | LAND & ESTATE |
| 2 | No. of works | 06 | 02 | 05 | 04 |
| 3 | Total No. Of works | 17 (SEVENTEEN) | | | |
| 4 | Total Estimated Cost of Tenders | 6.12 Crs | | | |

The Detail Tender notice will be made available on website www.suratmunicipal.gov.in

PRO/No. 320/2024-25
Date: 20/11/2024

Dy. Commissioner
South East Zone (Limbayat)
Surat Municipal Corporation



**SURAT MUNICIPAL CORPORATION**
**VECTOR BORNE DISEASE CONTROL DEPARTMENT**

e-Tender (Online) invitation Notice No: DCHH / VBDCD / T.NO.6/2024-2025

Tender are invited for Vector Borne Disease Control Department works online on https://smctender.nprocure.com

Government approved contractors with following schedule.

| | | |
|---|---|---|
| 1. | Name of the Department | Vector Borne Disease Control Department |
| | No. Works | 01 |
| | No. of Tenders | 01 |
| 2. | Total Estimated Cost of Tenders | Rs. 35.00 Lacs |

The Details tender notice will be made available on website www.suratmunicipal.gov.in

No P.R.O. 315/2024-25
Date: 20/11/2024

Dy.Commissioner (H&H)
Surat Municipal Corporation



**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**ઇ- ટેન્ડરીંગ જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૭૪૦/૨૪-૨૫ | મિકેનીકલ શાખા | ૦૧ | ૫૨,૯૮,૭૨,૦૦૦/- |
| ૨ | ૭૪૩/૨૪-૨૫ | ઇલે.મિકે.સુવેજ | ૦૪ | ૨,૭૮,૫૩,૨૬૦/- |
| ૩ | ૭૪૪/૨૪-૨૫ | રોડ પ્રોજેક્ટ | ૦૧ | ૪,૯૬,૦૩,૧૦૦/- |
| ૪ | ૭૪૫/૨૪-૨૫ | પાર્કસ એન્ડ ગાર્ડન | ૧૯ | ૧૨,૩૫,૦૦,૦૦૦/- |
| ૫ | ૭૪૬/૨૪-૨૫ | બિલ્ડીંગ પ્રોજેક્ટ | ૦૪ | ૧૪,૩૬,૨૬,૮૪૧/- |
| ૬ | ૭૪૯/૨૪-૨૫ | પાણી પુરવઠા પ્રોજેક્ટ | ૦૪ | ૩૭,૦૨,૫૦,૪૧૧/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૭૫૩/૨૪-૨૫ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત